તા. ૧૧.૦૨.૨૦૨૫
નવગુજરાત સમય, પાના નં. ૦૩

# 12મીએ વન-ડે મેચ માટે મેટ્રો ટ્રેન સેવા રાતના 12 સુધી ચાલુ રહેશે

» મોટેરાથી APMC અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી મેટ્રો ટ્રેન દર 8 મિનિટે ઉપલબ્ધ રહેશે

**નવગુજરાત સમય › ગાંધીનગર**

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 12મીના બુધવારે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એક દિવસીય ક્રિકેટ મેચ રમાશે. જેને ધ્યાનમાં રાખીને GMRCએ મેચના દિવસે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને મધ્યરાત્રિના 12 વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદમાં (મોટેરાથી APMC અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી) મેટ્રો ટ્રેન દર 8 મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના 10 વાગ્યાથી મધ્યરાત્રિના 12 વાગ્યા સુધીના લંબાવાયેલા આ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદના કોઈ પણ મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે. મોટેરા સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના 12 વાગ્યાનો રહેશે.



રાત્રિના 10 વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે કે જે આખા દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી તે દિવસે અગાઉથી ખરીદી શકાશે. જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઈનમાં ઊભા રહેવાનું ટાળી શકાય. મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઈલ એપથી અગાઉથી ખરીદેલી ટિકિટ (QR-TOKEN) રાત્રિના 10 વાગ્યા પછી લંબાયેલ સમય દરમિયાન માન્ય રહેશે નહીં.